ગાંધીનગર ભાસ્કર, પાના નં.૦૨, તા. ૦૯.૧૦.૨૦૨૪

મહાત્મા મંદિર સુધીનો રૂટ શરૂ થતાં હજુ વર્ષ લાગશે, તે પહેલાં સચિવાલ સુધી મેટ્રો દોડતી કરવાનું આયોજન

# સેક્ટર-1 મેટ્રો સ્ટેશનથી સચિવાલય સુધી મેટ્રો રેલના ટ્રેકને તૈયાર કરવામાં પ્રાથમિકતા અપાશે

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર

મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ- 2માં મોટેરાના નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર-1 (ચ-2) સ્ટેશન સુધી મેટ્રો રેલ સેવાનું ગત 16મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને 17મી સપ્ટેમ્બરથી મેટ્રો રેલ દોડતી થઇ ગઇ છે. પરંતુ સચિવાલયના કર્મચારીઓ માટે મેટ્રો રેલ સૌથી વધુ અનુકુળ હોવાથી હાલ તેઓ સેક્ટર-1ના સ્ટેશનથી પુરતા પ્રમાણમાં લાભ લઇ શકતા નથી. ત્યારે સેક્ટર-1થી સચિવાલય સુધીના ટ્રેકનું કામ પુરૂ કરી આ રૂટ પ્રાયોરિટીમાં શરૂ કરવા ઉચ્ચકક્ષાએથી સૂચના અપાઇ હોવાનું જાણવા મળ્યું છે.

હાલમાં મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર-1 સ્ટેશન અને ગિફ્ટ સિટીના રૂટમાં મેટ્રો રેલ દોડી રહી છે. હાલ સવા કલાકથી પોણા બે કલાકની ફ્રિકવન્સી પ્રમાણે ટાઇમટેબલ નિયત કરવામાં આવ્યું છે. જે સમય જતાં ફ્રિકવન્સી ઘટાડવામાં આવશે. મેટ્રો રેલને શરૂઆતથી જ સારો પ્રતિસાદ મળ્યો છે. પરંતુ અપડાઉન કરનાર અને ખાસ કરીને જૂના- નવા સચિવાલય, ઉદ્યોગભવનના કર્મચારીઓ મેટ્રો રેલનો હજુ સુધી પુરે પુરો લાભ લઇ શકતા નથી.

બીજા તબક્કામાં સેક્ટર-1થી મહાત્મા મંદિર સુધીનો સમગ્ર ટ્રેક તૈયાર થઇ જાય તે પછી સમગ્ર રૂટ પર મેટ્રો રેલ શરૂ કરવાની થાય છે. પરંતુ હજુ તો આ રૂટ પર સિવિલ વર્ક ચાલે છે અને ચ-5 સર્કલ પર સ્પાન મૂકાયો છે. હજુ ઘ-5, ખ-5 સર્કલ સહિતની ઘણી કામગીરી બાકી છે. સિવિલ વર્ક બાદ ટ્રેક્શન, સિગ્નલીંગ, વાયરીંગ, સેફ્ટી ટ્રાયલ સહિતની કામગીરી કરવાની થાય છે. આ તમામ કામ પુરૂ કરવામાં હજુ એક વર્ષ લાગી જાય તેવી શક્યતા છે. જેથી ગાંધીનગર- અમદાવાદ વચ્ચે મેટ્રો રેલનો વધુમાં વધુ લોકો ઉપયોગ કરી શકે અને ખાસ કરીને સચિવાલયના કર્મચારીઓને સુગમતા રહે તે માટે સેક્ટર-1થી સચિવાલય સુધી અંદાજે 3.5 કિલોમીટરનો આ રૂટ શક્ય એટલી ઝડપથી શરૂ કરવા કવાયત હાથ ધરાઇ છે. ચ-2થી ચ-3 થઇને છ-3 બિરસા મુંડા ભવન પાસેથી પોલીસ ભવન સર્કલ પાસે સચિવાલયનું મેટ્રો સ્ટેશન રહેશે. કર્મચારીઓ ત્યાંથી ગેટ નં. 4 થઇને સચિવાલયમાં પ્રવેશ લઇ શકશે.

## સેક્ટર-1 મેટ્રો સ્ટેશન માટે રિક્ષાભાડાના રોજ 100 રૂપિયા ખર્ચવા પડે છે

મેટ્રો રેલના ટાઇમ ટેબલમાં સચિવાલયના કર્મચારીઓને અનુલક્ષીને સાંજે 6.40ની ટ્રેન રાખવામાં આવી છે. પરંતુ સેક્ટર-1 મેટ્રો સ્ટેશન એટલે કે ચ-2થી સચિવાલય પહોંચવા અને સચિવાલયથી મેટ્રો સ્ટેશન પહોંચવા માટે કર્મચારીઓને ફરજિયાત રીક્ષા કરવી પડે છે. ગાંધીનગરમાં રીક્ષામાં મીટર પદ્ધતિનો અમલ કરાવી શકાતો નથી એટલે મરજીપ્રમાણે 50થી 80 રૂપિયા વસૂલવામાં આવે છે. જે અપડાઉન કરનાર કર્મચારીઓને દરરોજ આવવા-જવાના બે વખતના ભાડા પોષાય નહીં તે સ્વાભાવિક છે. શટલ રીક્ષાનો રૂટ ચ-3થી પથિકાશ્રમ તરફનો હોય છે. જેથી મેટ્રો સ્ટેશન માટે શટલ રીક્ષા ઉપલબ્ધ થઇ શકતી નથી.